તિથલમાં નવી આકર્ષક લાઇટ લાગશે

50થી વધુ લાઇટથી વોકવે ઝળહળી ઉઠશે

દમણબીચની તર્જ પર લાઇટ લગાડવાની શરુ

વલસાડ : તિથલ બીચ પર વર્ષોથી ઉભેલા જૂના અને કાટ ખાઈ ગયેલા લોખંડના વીજપોલ અંગે ચિંતા વ્યક્ત થયા બાદ હવે બીચના લુકમાં મોટો બદલાવ જોવા મળશે. તિથલ બીચને વધુ સુંદર અને પ્રવાસીઓ માટે આકર્ષક બનાવવા માટે દમણ બીચની તર્જ પર 50થી વધુ નવી લાઇટો લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

નવી લાઈટિંગથી આખો વોકવે રાત્રિના સમયે ઝગમગી ઊઠશે. તિથલ દરિયા કિનારે દરરોજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે અને રવિવાર તથા જાહેર રજાઓમાં પ્રવાસીઓની સંખ્યા અનેકગણી વધી જાય છે. અગાઉ દરિયાની ભેજ અને ખારાશના કારણે જૂના લોખંડના વીજપોલ કાટ ખાઈ જતા તેમની સલામતી અંગે સવાલો ઉઠ્યા હતા.

બીચ પર લાગનારી એલઇડી લાઇટની ખાસિયત

40 વોટની Decorative Post Top LED Luminaire એટલે સામાન્ય રીતે ડેકોરેટિવ પોલના ઉપર લગાડવામાં આવતી LED લાઇટ. તેનો ઉપયોગ બીચ, ગાર્ડન, વોકવે અને જાહેર સ્થળોની સુંદરતા સાથે સુરક્ષિત પ્રકાશ માટે થાય છે. આ એક સજાવટી આઉટડોર LED લાઇટ છે, જે સામાન્ય રીતે લોખંડ અથવા એલ્યુમિનિયમના પોલના સૌથી ઉપર લગાવવામાં આવે છે. તેનો હેતુ માત્ર પ્રકાશ આપવાનો નથી, પરંતુ જાહેર સ્થળને આકર્ષક દેખાવ આપવાનો પણ છે

વાપીમાં ફૂલ વેચવા બાબતે થયેલી બબાલમાં યુવાન પર હુમલો કરાયો

વાપી : પારડી તાલુકાના ઓરવાડ સ્થિત રાજ વિહાર રેસિડેન્સીમાં રહેતા અને વાપી મુખ્ય બજારમાં સરદાર ભીલાડવાળા બેંક સામે ફૂલોનો વેપાર કરતા ચંદન અશોક ગૌંડ (ઉ. ૩૨) ગત ૧૯ ઓગસ્ટના રોજ દુકાને હાજર હતા. તે દરમિયાન બાજુમાં ફૂલનો વેપાર કરતા શુભમ ગૌંડ ત્યાં આવીને ચંદન અને તેના પિતા સાથે બોલાચાલી કરવા લાગ્યો હતો. આ બાબતે વાતચીત કરવા જતાં શુભમ અને રવિ વિદ્યાચલ ગૌંડ ઉશ્કેરાઈ ગયા હતા અને ચંદન સાથે ઝઘડો કરી ઢીક્કામુક્કી કરી હતી. આ દરમિયાન શુભમે લોખંડના પાઈપ વડે ચંદન પર હુમલો કર્યો હતો. અગાઉ પણ ફૂલ વેચવા બાબતે તેમની વચ્ચે બોલાચાલી થઈ ચૂકી હતી. આ સમગ્ર બનાવ અંગે ભોગ બનનાર ચંદન ગૌંડે વાપી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

દમણમાં દશામાની મૂર્તિઓ ક્ષત-વિક્ષત હાલતમાં

દમણ : સંઘપ્રદેશ દમણના દરિયા કિનારે દશામાની વિસર્જિત કરાયેલી મૂર્તિઓ ગમે ત્યાં કિનારે ક્ષત-વિક્ષત હાલતમાં પડેલી જોવા મળતા ધાર્મિક લાગણીઓ દૂભાવાની સાથે શ્રદ્ધાળુઓમાં રોષ જોવા મળ્યો છે. દસ દિવસ માતાજીને શ્રદ્ધાપૂર્વક વાજતે ગાજતે ઘરે લાવી તેની પૂજા અર્ચના કર્યા બાદ શુક્રવારના રોજ ઢોલ નગારા સાથે માતાજીની દરિયામાં વિસર્જન પ્રક્રિયાને પૂર્ણ કરવામાં આવી હતી. જે બાદ દમણના દરિયા કિનારે ઠેક ઠેકાણે માતાજીની ખંડિત મૂર્તિઓ અને પૂજાની સામગ્રીઓ દરિયા કિનારે પડેલી હાલતમાં જોવા મળી હતી. મોટાભાગે જોવા મળેલી મૂર્તિઓ પી.ઓ.પી. ની બનેલી હોય જેના કારણે તે દરિયાના પાણીમાં ઓગળવાની જગ્યાએ મોજાના વહેણમાં કિનારે આવેલી જોવા મળી હતી. આ પ્રમાણે પી.ઓ.પી.ની મૂર્તિઓના કારણે દરિયામાં પ્રદૂષણ તો થતું જ હોય છે સાથે જળચર જીવો માટે પણ તે હાનિકારક સાબિત થાય છે.

બોઈસરથી ટ્રેનમાં આવીને રેકી કરી ચોરી કરતો આરોપી પકડાયો

વાહનોના મીટરના વાયર વડે બંધ ફ્લેટના તાળાં તોડી ચોરી કરવાની એમ.ઓ.

સંજાણના ફ્લેટનું તાળું તોડી ચોરી કરનાર રીઢો ચોર ઝડપાયો, આરોપી વિરુદ્ધ ૯ ગુના નોંધાયેલા

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સંજાણ ખાતે રેલવે ફાટક બહાર આવેલા શુભમ એપાર્ટમેન્ટમાંથી ૫૫ હજાર રૂપિયાની ચોરી કરનાર રીઢા ચોરને પોલીસે પકડી પાડ્યો છે. ફરિયાદી માધુસિંહ રાજપુરોહિત રાજસ્થાન ગયા હતા તે દરમિયાન, તસ્કરોએ ફ્લેટનું તાળું તોડી કબાટમાંથી ૧૫,૦૦૦ રૂપિયા રોકડા અને સોના-ચાંદીના દાગીના મળી કુલ ૫૫,૦૦૦ રૂપિયાની મત્તાની ચોરી કરી હતી.

આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને પીઆઈ એચ.ડી. તુવર અને પીએસઆઈ આર.એસ. ચૌધરીની ટીમે ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસના આધારે સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આ ગુનામાં સંડોવાયેલા ઘોની ઉર્ફે પાજી બસ્યનસિંગ હરજીતસિંગ સોઢી (રહે. બોઈસર, મહારાષ્ટ્ર)ને પોલીસે ઝડપી લીધો હતો.

પોલીસ પૂછપરછમાં બહાર આવ્યું છે કે પકડાયેલા આરોપી સામે અગાઉ મહારાષ્ટ્રના બોઈસર પોલીસ સ્ટેશનમાં ૯ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

આરોપી એકલો ટ્રેનમાં આવીને રેલવે સ્ટેશન નજીકના એપાર્ટમેન્ટ્સ અને દુકાનોની રેકી કરતો હતો અને મોપેડ-મોટરસાયકલના મીટરના વાયર કે સાધનો વડે બંધ ફ્લેટના તાળાં તોડી ઘરફોડ ચોરી કરવાની ટેવ ધરાવતો હતો. પોલીસે તેની પાસેથી એક મોબાઈલ ફોન અને ચોરીમાં ઉપયોગમાં લીધેલા સાધનો કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વશિયર અજાયબી બ્રિજમાં હડતાલ પર ઉતરેલા બે યુવાનનાં પારણા

સરકારે બ્રિજ અંગે ખુલાસો કર્યો અને ભાજપ અગ્રણીની 6300 વાર જગ્યા સરકાર હસ્તક થતાં ભુખ હડતાલ સમેટાઇ

ભગવાન દેખાતા નથી પણ બધે છે, તેમ દારૂ દેખાતો નથી પણ બધે મળે છે - તુષાર ચૌધરી

તુષાર ચૌધરીએ જણાવ્યું કે, ભગવાન દેખાતા નથી, પરંતુ તમામના હૃદયમાં છે, એ જ રીતે દારૂ પણ દેખાતો નથી, પરંતુ જેને જરૂર હોય તેને ગમે ત્યાંથી મળી જ રહે છે. તેમના આ નિવેદનને લઇ થોડી વ્યાપક ચર્ચા પણ થઇ હતી.

વલસાડ : વલસાડના વશિયરમાં બનેલા બ્રિજ છેડે ભાજપ અગ્રણી હર્ષદ કટારિયાની વાડી છે. જ્યાં બ્રિજની જરૂર જ નથી ત્યાં જિલ્લા પંચાયતના માર્ગ મકાન વિભાગે બ્રિજ તાણી બાંધ્યો હતો. આ બ્રિજ સામે બ્રિજ અંગે સરકારના ખુલાસા બાદ આજરોજ વલસાડ યુથ કોંગ્રેસના મિત દેસાઇ અને રાહીલ શેખે 10 દિવસ બાદ ભૂખ હડતાલ સમેટી હતી. કોંગ્રેસના નેતા તુષાર ચૌધરીએ તેમને પારણા કરાવ્યા હતા. તેમણે જણાવ્યું કે, હજુ બ્રિજની લડાઇ ચાલુ રહેશે.

વલસાડના યુથ કોંગ્રેસના મિત દેસાઇ અને રાહીલ શેખ બ્રિજની સામે પગલાં ભરાવવા માટે ભૂખ હડતાલ પર ઉતર્યા હતા. શનિવારે રાત્રે તબિયત લથડી હતી. જોકે, તેમની પૃચ્છા કરવા કોઇ પણ આવ્યું ન હતુ. ત્યારે તુષાર ચૌધરીએ તેમને પારણા કરાવ્યા હતા. ઉપવાસ પર ઉતરેલા બે યુવાનોની 5 માંગ પૈકીની બે માંગ સંતોષાઇ ગઇ છે. જેમાં બ્રિજ અંગે સરકાર દ્વારા ખુલાસો. જે બે દિવસ અગાઉ જ માર્ગ મકાન વિભાગ દ્વારા આપવામાં આવ્યો હતો. તેમજ બ્રિજ જેની વાડીમાં ઉતરે એવા ભાજપના અગ્રણી હર્ષદ કટારિયાની 6300 વારની જમીન સરકાર હસ્તક કરવાની કામગીરી શરૂ કરી દેવાઇ હતી.

સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં ધાડનો 31 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

વાપી : ૧૯૯૬માં વાપી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ એક ઘરમાં ચાર શખ્સોએ રાત્રે પ્રવેશી ઘરના સભ્યોને લાકડા તથા ચપ્પુ બતાવી ડરાવીને રોકડ અને સોનાના દાગીનાની લૂંટ ચલાવી હતી. આ ગુનામાં પોલીસ સાત આરોપીઓને ઝડપી પાડવામાં સફળ રહી હતી, પરંતુ પ્રતાપ જંગલીયા ભુરીયા (ભીલ) નામનો આરોપી લાંબા સમયથી નાસતો ફરતો હતો. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુજરાસિંહ જાડેજાની સૂચનાથી, એલસીબી અને પેરોલ ફર્લો સ્કવોડે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે વોન્ટેડ આરોપી ગુજરાતના જુદા-જુદા જિલ્લાઓમાં ખેતમજૂરી કરે છે. આ બાતમીના આધારે પોલીસે રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના ખાટલી ગામ ખાતે વેશપલટો કરીને સચોટ માહિતી મેળવી હતી. અંતે, પોલીસ ટીમે મૂળ મધ્યપ્રદેશના અને હાલ ખાટલી ગામે હરેશ વેકરીયાના ખેતરમાં રહેતા આશરે ૬૦ વર્ષીય આરોપી પ્રતાપ જંગલીયા ભુરીયાને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

છાપરા રોડની પરિણીતાનો આપઘાત

નવસારી : છાપરા રોડ પર આવેલી રવિપાર્ક સોસાયટીમાં 40 વર્ષીય પરિણીતાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી હતી. નિશાબેન અનિલભાઈ શિમ્પી (ઉ.વ. 40)એ તા. 22 ઓગસ્ટે બપોરના સમયે આ અંતિમ પગલું ભર્યું હતું. બનાવની જાણ સુભાષભાઈ ઓમકારભાઈ દરજીએ નવસારી રૂરલ પોલીસને કરતાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી મૃતદેહનું પંચનામું કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મહિલાએ કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

ઉમરગામમાં યુવતી સાથે દુષ્કર્મ આચરનાર આરોપી ઝડપાયો

ઉમરગામ : ઉમરગામ પોલીસ સ્ટેશનમાં યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે સોનુકુમાર ઘુરન ઉતીમલાલ શાહે મિત્રતા કેળવી પ્રેમજાળમાં ફસાવી મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરી ફોટા મોબાઈલ ફોનમાં પાડી લીધા હતા. આ ફોટાઓ ફેસબુક ઉપર તથા યુવતીના પિતા તથા સગા સંબંધીઓને મોકલવાની વાયરલ કરવાની ધમકીઓ આપી બ્લેકમેઈલ કરી રહ્યો છે. આ કેસની તપાસ કરી રહેલા ઉમરગામના પી.આઈ એચ.ડી તુવરનાએ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક બી એન દવેનુ માર્ગદર્શન મેળવી આરોપી સોનુકુમારને બેંગ્લોર (કર્ણાટક)થી ઝડપી પાડ્યો હતો. અને કોર્ટમાં રજૂ કરી પોલીસ કસ્ટડીના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી હતી. આ કામગીરીમાં પીએસઆઇ એસ કે વસાવા, આર.એસ. ચૌધરી તથા એ.એસ.આઇ પ્રવીણસિંહ લક્ષ્મણસિંહ,એ.હ.કો મહેન્દ્ર વલ્લભભાઈ, પો.કો મશરૂભાઈ ભાવાભાઈ જોડાયા હતા.

કચીગામ ઝરી બ્રિજ નજીકથી નવજાત શિશુનો મૃતદેહ મળી આવ્યો

દમણ : સંઘપ્રદેશ દમણના કચીગામ વિસ્તારમાં ઝરી બ્રિજ નજીકથી નવજાત શિશુનો મૃતદેહ મળી આવ્યો હતો. ઝરી બ્રિજ નજીક લોકોને એક દિવસનું નવજાત શિશુનું મૃતદેહ નજરે પડ્યું હતું. આ અંગે લોકોએ પોલીસને જાણ કરતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી નવજાત શિશુના મૃતદેહને કબજે લીધો હતો. પોલીસે શિશુના મૃતદેહને મેડિકલ તપાસ માટે મોકલ્યો છે. બીજી તરફ, નવજાત શિશુને આ નિર્જન સ્થળે કોણ અને કયા સંજોગોમાં ત્યજી ગયું તે અંગે અનેક સવાલો ઉભા થયા છે. ઘટનાને પગલે પોલીસે તપાસ શરૂ કરી શિશુને જન્મ આપનાર માતા-પિતા અથવા તેને ત્યજી જનાર વ્યક્તિની ઓળખ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

'તું મારી પત્ની સાથે કેમ વાત કરે છે?' વાપીમાં યુવક પર હુમલો, ૬ સામે ગુનો

વાપી : વાપી નજીકના કોચરવા ગામના વડીયાવાડ ફળિયામાં રહેતા યતિનકુમાર સુમનભાઈ પટેલ (ઉ. ૩૩) પીકઅપ ટેમ્પો લઈને વાપી જીઆઈડીસીના થ્રીજા ફેઝમાં આવેલી ટેચ પેક ઈન્ડસ્ટ્રિઝ કંપનીમાં માલ ભરવા ગયા હતા. કંપનીમાંથી બિલ લઈને બહાર નીકળતી વખતે તેમની ગાડી પાસે એક એસયુવી કાર ઊભી હતી, જેમાં શૈલેષ પટેલ, સાગર પટેલ અને અન્ય ત્રણ અજાણ્યા શખ્સો હાજર હતા. તે દરમિયાન એક શખ્સ ગાડીમાંથી ક્રિકેટ બેટ લઈને નીચે ઉતર્યો હતો. શૈલેષ પટેલે તું મારી પત્ની સાથે કેમ વાત કરે છે? કહીને યતિનકુમારને બેટ વડે પીઠના ભાગે હુમલો કર્યો હતો. બેટ તૂટી જતાં શૈલેષ ગાડીમાંથી સ્ટીલનો પાઈપ અને ત્યારબાદ લોખંડનો કોયતો કાઢીને મારવા દોડ્યો હતો. આ તકે વચ્ચે છોડાવવા આવેલા લોકો વચ્ચે બચાવ કર્યો હતો. બાદમાં યતિનકુમાર હોસ્પિટલ જવા નીકળ્યા ત્યારે સાગર પટેલનો ભાઈ પ્રિયાંક પટેલે પણ કારમાં આવી તેણે પણ હુમલો કર્યો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્ત યતિનને વાપીની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. આ બનાવ અંગે શૈલેષ પટેલ, સાગર પટેલ, પ્રિયાંક પટેલ અને અન્ય ત્રણ અજાણ્યા ઈસમો સામે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ડુંગરામાં ગોડાઉનનું પતરૂ તોડી રૂપિયા 1.95 લાખના કોપર કેબલના વાયરની ચોરી

વાપી : સુરત શહેરની વેલેન્સિયા રેસિડેન્સીમાં રહેતા અને વાપી નજીકના ડુંગરા ખાતે દમણગંગા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં કોપર વાયરનું ગોડાઉન ધરાવતા અરિહંત અરવિંદકુમાર બોથરા (ઉ. ૩૪)ના ગોડાઉનમાં તસ્કરો ત્રાટક્યા હતા. ગત ૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ મધ્યરાત્રીએ દોઢેક વાગ્યાની આસપાસ તસ્કરો ગોડાઉનના લોખંડના પતરા તોડીને અંદર પ્રવેશ્યા હતા. ચોર ઇસમો ગોડાઉનમાં રાખેલા જુદી-જુદી કંપનીના કેબલ તથા કોપર કેબલ વાયર મળીને કુલ આશરે રૂ. ૧,૯૫,૦૦૦/- ની કિંમતનો મુદ્દામાલ ચોરી કરી ગયા હતા. ગોડાઉનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં તસ્કરની હિલચાલ નજરે પડી હતી. બનાવ અંગે વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

'આગળ પોલીસની ગાડી ઊભી છે, તમારા ઘરેણાં ઉતારી દો'

વાપીમાં વરિષ્ઠ મહિલાને વિશ્વાસમાં લઇ રૂપિયા ૬.૧૮ લાખના ઘરેણાની ઠગાઈ

વાપી : વાપી ટાઉન પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, વાપી ટાઉનમાં અંજતા ઈલોરા એપાર્ટમેન્ટ ખાતે રહેતા પન્નાબેન લાખાભાઈ માળવી (ઉં.૭૦) ગત ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે વાપી પોસ્ટ ઓફિસમાં કામ પતાવીને ઘરે ચાલતા પરત ફરી રહ્યા હતા. તે સમયે દેસાઈવાડ વિસ્તારમાં ગાયત્રી ડેરી સામે ૩૦ થી ૩૫ વર્ષની વયના માસ્ક પહેરેલા બે ઈસમો નંબર વિનાની બાઈક પર આવ્યા હતા. તેઓએ માજીને વિશ્વાસમાં લેતા કહ્યું હતું કે, આગળ પોલીસની ગાડી ઊભી છે, એટલે તમારા ઘરેણાં ઉતારી દો. ત્યારબાદ એક ઈસમે તેમના ગળામાંથી ચેઈન કાઢીને મોપેડ પર બેઠેલા સાથીદારને આપી દીધી હતી અને માજીને સોનાના પાટલા, માળા અને વીંટી સહિત કુલ રૂ. ૬,૧૮,૬૦૫ ની કિંમતના તમામ ઘરેણાં વ્યવસ્થિત મૂકી આપવાના બહાને પડાવી લીધા હતા. બંને ઈસમોએ હાથચાલાકી કરી કાગળમાં વીંટાળેલા ઘરેણાંની જગ્યાએ ધાતુની નકલી બંગડીઓ તેમના પાકીટમાં મૂકી દીધી હતી અને ઘરે જઈને સાચવવાનું કહી નાસી છૂટ્યા હતા. બાદમાં કાગળ ખોલી જોતા અસલી ઘરેણાં ગાયબ જણાયા હતા. આ બનાવ અંગે પન્નાબેન માળવીએ વાપી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ઈન્સ્યોરન્સ પોલિસીના નામે નિવૃત્ત સાથે 31.54 લાખની છેતરપિંડી

ઊંચું વળતર અને એજન્ટનું કમિશન બચાવવાની વાતો કરી બેંક ખાતાઓમાં પડાવ્યા નાણાં

નવસારીઃ ઈન્સ્યોરન્સ પોલિસીમાં વધુ વળતર અપાવવાની તથા એજન્ટનું કમિશન બચાવવાની લાલચ આપી નવસારીના કબીલપોર વિસ્તારમાં રહેતા 61 વર્ષીય નિવૃત્ત ભરતભાઈ ખુશાલભાઈ પટેલ સાથે 31.54 લાખની સાયબર ઠગાઈ થયાનો બનાવ સામે આવ્યો છે.

ફરિયાદ મુજબ, અલગ-અલગ વ્યક્તિઓએ ફરિયાદીનો ટેલિફોનિક સંપર્ક કર્યો હતો. પોતે ઈન્સ્યોરન્સ કંપની સાથે સંકળાયેલા હોવાનું જણાવી સીધી કંપનીમાં રકમ જમા કરાવવાથી એજન્ટનું કમિશન બચશે અને પોલિસીમાં સારું વળતર મળશે તેવી વાતો કરી ફરિયાદીનો વિશ્વાસ સંપાદિત કરવામાં આવ્યો હતો.

આરોપીઓએ ત્યારબાદ ફરિયાદી પાસેથી તબક્કાવાર નાણાં મેળવી ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાન સહિતના રાજ્યોમાં આવેલા 25થી વધુ બેંક ખાતાઓમાં જમા કરાવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. શરૂઆતમાં વિશ્વાસમાં આવી રકમ ચૂકવ્યા બાદ ફરિયાદીને શંકા જતા તેમણે વધુ નાણાં આપવાનું બંધ કર્યું હતું. જોકે, ત્યારબાદ ઠગોએ અન્ય મોબાઈલ નંબરો પરથી ફરી સંપર્ક કર્યો હતો. બાકી પેમેન્ટ અને ઈન્કમટેક્સની રકમ ભરવાથી અગાઉ ચૂકવેલા તમામ રૂપિયા પરત મળી જશે તેવી ખાતરી આપી ફરિયાદીને ફરી વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા. આ રીતે અલગ-અલગ કારણો બતાવી વધુ રકમ પડાવવામાં આવી હતી.

આખરે આરોપીઓએ કુલ 31,54,643ની રકમ પડાવી છેતરપિંડી આચરી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વિવિધ બેંક ખાતાઓમાં થયેલા વ્યવહારો, મોબાઈલ નંબરો અને સંડોવાયેલા લોકો અંગે તપાસ હાથ ધરી છે.

મહુવાસમાં ઘરમાં પડી જતાં યુવકનું મોત

વાંસદા : વાંસદા તાલુકાના મહુવાસ ગામના પેલાડ ફળિયામાં રહેતા રણજીતભાઈ વાસુભાઈ ગામિત (ઉં.વ. 49) રાત્રિના આશરે 10:30 વાગ્યાના અરસામાં પોતાના ઘરે પડી જતાં ઈજાગ્રસ્ત થયા હતા. આ દરમિયાન તેમના નાક અને કાનમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. પરિવારજનો દ્વારા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સની મદદથી તેમને વાંસદાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે ધરમપુર ખાતે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન રણજીતભાઈનું મોત નિપજ્યું હતું. આ સમગ્ર બનાવ અંગે મૃતકના ભાઈ જીગ્નેશ ગામીતે વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સાપુતારામાં પ્રવાસીઓની સુરક્ષા સામે ગંભીર જોખમ

સર્પગંગા તળાવમાં ગાઢ ધુમ્મસ વચ્ચે બોટિંગ ચાલુ

રેસ્ક્યુ બોટ બંધ હાલતમાં હોવાથી હલેસાવાળી નાવડીના સહારે બચાવ કામગીરી

પ્રવાસીઓના જીવ જોખમમાં મુકાતા તંત્રની કામગીરી સામે ઉઠ્યા સવાલો

સાપુતારા : ગિરિમથક સાપુતારામાં પ્રવાસીઓની સુરક્ષાને લઈને અત્યંત ચિંતાજનક દૃશ્યો સામે આવ્યા છે. સર્પગંગા તળાવમાં ધોધમાર વરસાદ અને ગાઢ ધુમ્મસના કારણે દૃશ્યતા અત્યંત ઘટી ગઈ હોવા છતાં, જોખમી માહોલમાં નૌકાવિહાર ચાલુ રાખવામાં આવતા બોટિંગ સંચાલકો અને તંત્રની કાર્યપદ્ધતિ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પ્રવાસીઓની સુરક્ષા કરતાં બોટિંગની આવકને વધુ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે કે કેમ તેવો સવાલ પ્રવાસીઓમાં ચર્ચાઈ રહ્યો છે.

સૌથી ચોંકાવનારી અને ગંભીર બાબત એ છે કે તળાવમાં સુરક્ષા માટેની મુખ્ય રેસ્ક્યુ બોટ હાલ ખોટકાઈ ગઈ છે. કટોકટીની સ્થિતિમાં બચાવ કામગીરી માટે સજ્જ મોટર બોટના બદલે હલેસાવાળી નાવડીના સહારે બચાવ કામગીરી કરવાની સ્થિતિ ઊભી થઈ છે, અગાઉ પણ જોખમી બોટિંગના વીડિયો અને ફરિયાદો સામે આવી હોવા છતાં અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. ચોમાસાની આ સિઝનમાં પ્રવાસીઓ કુટુંબ સાથે આનંદ માણવા આવે છે, પરંતુ બેદરકારીથી ચાલતા બોટિંગના કારણે જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. પ્રવાસીઓ અને સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર આ ગંભીર બાબતે તપાસ કરે, બંધ રેસ્ક્યુ બોટને દુરસ્ત કરે નિયમોનું ઉલ્લંઘન કરી પ્રવાસીઓના જીવન સાથે ચેડાં કરતા સંચાલકો સામે કાનૂની પગલાં લેવામાં આવે તેવી પ્રબળ લોકમાગ ઉઠી છે.

પારડી પોલીસનો ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

પારડી : પારડી પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપી ભાભલુ ઉર્ફે રમેશ સોલંકીને એલસીબી ટીમે રાજકોટથી ઝડપી પાડ્યો છે. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના તથા એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ પોલીસ વોન્ટેડ આરોપીઓની શોધખોળ કરી રહી હતી. આ દરમિયાન એલસીબીના કોન્સ્ટેબલ દશરથભાઈને મળેલી બાતમીના આધારે રાજકોટના વાવડી રોડ પરથી ગાદકડા ગામના અને હાલ રાજકોટ રહેતા આરોપીને દબોચી લેવામાં આવ્યો હતો. આરોપી સામે પારડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો છે. આ ઉપરાંત તેની સામે રાજકોટ, ભિલાડ અને ડુંગરા પોલીસ સ્ટેશનમાં ચોરી, લૂંટ અને ઘરફોડ ચોરીના ગુનાઓ નોંધાયેલા છે. આરોપીને વધુ તપાસ માટે પારડી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

સાપુતારામાં વિકેન્ડમાં ભારે ટ્રાફિક જામ

■ સાપુતારા : ગિરિમથક સાપુતારા ખાતે શનિ-રવિની રજાઓમાં પ્રવાસીઓનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં પ્રવાસીઓના આગમનને કારણે સાપુતારામાં પાર્કિંગની વિકટ સમસ્યા સર્જાઈ હતી, જેના પગલે વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ વણસી જતા વાહનોની લાંબી કતારો લાગી હતી. સાપુતારા ખાતેનું સ્વાગત સર્કલ, બોટિંગ તરફ જતો માર્ગ, ટેબલ પોઈંટ માર્ગ, આનંદો સર્કલથી નાગેશ્વર જતો માર્ગ, સ્વાગત સર્કલથી પેટ્રોલપંપ જતો માર્ગ વિકેન્ડમાં પોલીસ તંત્ર માટે માથાનો દુઃખાવો બનતા હોય છે. પરંતુ આ વખતે ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા માટે સાપુતારા પોલીસ મથકના પી.આઈ. જે.કે. બારીયા ખુદ મેદાનમાં આવ્યા હતા. સાપુતારા પી.આઈ. જે.કે. બારીયા સહિત પોલીસની ટીમે ખડેપગે ઉભા રહીને ટ્રાફિક સંચાલનની કામગીરી પોતે સંભાળી લીધી હતી. સાપુતારા પોલીસની પ્રશંસનીય કામગીરીના કારણે જોવાલાયક સ્થળો તરફ જતા તમામ માર્ગો પર વાહન વ્યવહાર પૂર્વવત થયો હતો, જેનાથી પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળી હતી.